# ટ્રેક નં. ૫૮ : વેદન વિષે

❀ વેદન? એ વળી શું? વેદન શેનું હોય? જ્ઞાનનું કે રાગનું કે આનંદનું? સાંભળો, વિચારો અને અનુભવો.

❀ માંગલિક :

❀ ભક્તિ : સુવીતરાગ, શાંતરૂપ, બોધકે નિધાન હો,
નિરામયે સુ નિર્ભયે, નિરંશ હો સુધામ હો.

**✻ પ્રશ્ન : જ્ઞાનીને રાગનું વેદન છે?**

● ઉત્તર : એકમેક થઈને એકત્વબુદ્ધિ નથી તેથી અંદર એને વેદન નથી. છૂટો પડી ગયો માટે ગૌણ વેદન છે. નિર્વિકલ્પ દશામાં એનું વેદન નથી. અબુદ્ધિપૂર્વક થઈ ગયું એને, બુદ્ધિમાં તો વેદન આત્માનું જ છે. બીજું વેદન નથી. અસ્થિરતા છે એટલે, ગૌણ વેદન છે. આ મારું સ્વરૂપ નથી. આ છૂટી જવાતું હોય તો અત્યારે જ છૂટી જાઉં. વેદન છે. જ્ઞાનધારાનું મુખ્ય વેદન છે. ૧.

**✻ પ્રશ્ન : જ્ઞાનધારામાં એને રસ છે. ઓલું વેદન છે છતાં એમાં રસ નથી. એમાંથી એને છૂટવું છે.**

● ઉત્તર : એને સ્વામીત્વબુદ્ધિ નથી. છૂટ્ટો પડેલો છે. અંશે તો છુટ્ટો પડ્યો જ છે. વધારે છુટ્ટાનો પ્રયત્ન છે. ૨.

**✻ પ્રશ્ન : સ્વસંવેદન પ્રત્યક્ષ આત્મા થાય છે. એ હાથમાં જેમ આમળો છે. એવો સ્પષ્ટ આત્મા દેખાય છે. દુ:ખનું વેદન થાય છે તો ખ્યાલ આવે છે કે આ તો દુ:ખ છે એમ જ્ઞાનમાં એક આ જ્ઞાયક છે, એવી રીતે ખ્યાલ આવે છે ?**

● ઉત્તર : ઈ આમળાનું વેદન, (જ્ઞાન) ઈ પણ સાક્ષાત્ પોતે છે. સુખદુ:ખનું વેદન તો વેદન છે. એ તો પોતે જ સ્વમાં પોતાને વેદી રહ્યું છે. જ્ઞાયક પોતે દ્રવ્ય અનંત ગુણોથી ભરપૂર અને સુખની અનુભૂતિનું વેદન પોતે કરે છે. ઓલું દુ:ખનું વેદન. આ સુખનું વેદન. પણ એ દુ:ખનું વેદન તો એક એની અમુક એની રીતે છે. એ કોઈ

પોતાનું સ્વરૂપ નથી. આ તો પોતાનું સ્વરૂપ છે. અને સ્વરૂપમાંથી પરિણમન કરતું જે સુખ આવે છે તે પોતાના સ્વરૂપમાંથી આવે છે. એટલે એમ એને ઉપમા અપાય કે ઓલું દુઃખનું વેદન એમ આ સુખનું વેદન છે. પણ એમાં એને ફેર છે કે જે પોતે એમાં દુઃખની આકુળતા કરે અને રાગની આકુળતા કરે ને સુખ વેદે છે. એ એની માત્ર કલ્પના છે. ઈ સુખ એમ કલ્પિત સુખ નથી એમ કે રાગનું સુખ વેદે અને માને કે હું સુખી છું અને ઓલું દુઃખ છે એમ માને કલ્પિત. એમ ઈ કલ્પિત સુખ એવી જાતનું નથી. આ તો સહજ સુખ છે સાક્ષાત્ પ્રત્યક્ષ સુખ જ છે. ૩.

* પ્રશ્ન : (અસ્પષ્ટ છે) એમ નિર્વિકલ્પદશામાં સાક્ષાત્ દર્શન થાય છે આત્માના ?

● ઉત્તર : પ્રત્યક્ષ, વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ છે ને સાક્ષાત્ છે પોતે. સાક્ષાત્ દેખી રહ્યો છે. પછી એના સૂક્ષ્મ બધા ગુણ પર્યાયોને આખો એમ પ્રત્યક્ષ, કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે. બાકી એના વેદન અપેક્ષાએ એને પ્રત્યક્ષ છે. એ દેખી જ રહ્યો છે. આત્મા અપ્રગટ છે એવું એને લાગતું જ નથી. આત્મા એને પ્રત્યક્ષ પ્રગટ જ છે, એમ જ એને વેદન છે કે આ રહ્યો આત્મા પ્રત્યક્ષ વેદનમાં છે. એ પરોક્ષ છે, દેખાતો નથી એવી જાતનો નથી. એ પ્રત્યક્ષ વેદનમાં છે કે આ રહ્યો આત્મા. એનું જ વેદન હું કરું છું. વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ જ છે.

કીધું ને એક માણસ પોતે પ્રત્યક્ષ એમ વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ જ છે. તો ઈ કલ્પી લે છે કે વિકલ્પો ઓછા થયાં તો સુખ જાણે શાંતિ આવી. ઈ કલ્પનાથી સુખ માને, શાંતિ માને, એ એક જુદું છે અને એક પોતાનો આત્મા ન્યારો છે, ઈ અને પોતે તત્ત્વ જ પરિણતિ જ એની ન્યારી થઈ ને જે સહજ સુખ આવે છે એ જુદું છે. ઘણાં ધ્યાનમાં પણ કલ્પી લે છે એવી જાતનું. હવે વિકલ્પ ઓછા થઈ ગયા. એટલે એને શાંતિ લાગે. ઓલું દુઃખનું વેદન, ને આ શાંતિનું

વેદન—એમ નથી. આ તો, આત્માનો જે અસ્તિત્વ છે એનો આશ્રય ગ્રહણ કરીને અંદરથી પોતે ન્યારો થઈને જે સુખ આવે છે. ઈ સુખ એને જુદી જાતનું છે અને પોતે આત્માના પ્રત્યક્ષ વેદનરૂપ છે. ૪.

*** પ્રશ્ન : એના ઉપરથી એને ખ્યાલ આવે છે કે 'હું આ, આ જ હું છું'.**

● ઉત્તર : આ જ 'હું' છું. બીજો નથી. એવી એને દઢતાપૂર્વકની પ્રતીતિ જોરદાર આવે છે. બીજો નથી. આ જ મુક્તિનો માર્ગ છે. બીજો નથી. ૫.

*** પ્રશ્ન : વેદન રસ અને ઉપશમરસમાં આખો તફાવત શું છે?**

● ઉત્તર : વેદનરસ, વેદનમાં તો પોતે આખો આત્મા છે. વેદન રસમાં તો ચૈતનના અનંત ગુણો છે એ અનંત ગુણો એના વેદનમાં, એના સ્વાનુભૂતિમાં આવી જાય છે. ઉપશમ રસમાં તો એક એને શાન્ત સ્વભાવ જે છે શાન્ત રસ ઈ આવે છે. શાન્ત રસ વેદાય ને વેદન વધતું જાય એમાં અનંત ગુણ વેદનમાં આવી જાય છે. વેદન એટલે સ્વાનુભૂતિનું વેદન, સ્વાનુભૂતિ થાય છે આત્માની. ત્યાં અનંત ગુણોના જે સ્વભાવો વેદનમાં આવે છે. અનંત ગુણ વેદાય. આનંદ વેદાય જ્ઞાન, જ્ઞાન કઈ જાતનું, દર્શન, ચારિત્ર અનંતા ગુણો આદિ સ્વભાવનું વેદન થાય છે. જે વેદનમાં આવી શકતા હોય તે ગુણોનું વેદન થાય છે. દરેક ગુણ ઈ વેદન આવી જાય. ઉપશમ રસનું એક એને શાન્ત છે એનું ઉપશમ રસ બાકી એ શાંત ઉપશમ રસ યથાર્થ. જો યથાર્થ શાંતરસ પ્રગટે નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં તો એ બેને અવિનાભાવી સંબંધ છે. એ અન્દર સ્વાનુભૂતિમાંથી પ્રગટ થાય, એ ઉપશમરસ છે. એમને બધા ગુણોનું સંવેદન. એ બધાનો અવિનાભાવી સંબંધ છે યથાર્થ. પણ આકુળતા તૂટીને અંતરમાં હું જ્ઞાયક છું. આ વિભાવ તે હું નથી, એમ ભેદજ્ઞાન પૂરતું વિકલ્પ સાથે હોય અને હું જ્ઞાયક સ્વરૂપ એમાં જે શાન્તિનો અંશ પ્રગટે ઈ શાન્તિનો અંશ અને નિર્વિકલ્પ શાન્તિનો અંશ એ બે જુદા છે એને

એક અંશ સાધારણ એક આકુળતા છૂટીને શાંતિ થોડી વેદાય છે ઈ શાંતિ. અનુભૂતિમાં જે શાંતિ અને ઉપશમ થાય એ એને સ્વાનુભૂતિનું વેદન એ બેયને અવિનાભાવી સંબંધ છે જ્યાં શાંત રસ હોય ત્યાં એની સ્વાનુભૂતિ હોય જ એવો અવિનાભાવી સંબંધ છે. બાકી ભેદજ્ઞાનની ધારા 'હું જ્ઞાયક છું.' 'હું જ્ઞાયક છું.' ને સવિકલ્પતામાં એને 'હું જ્ઞાયક છું.' 'જ્ઞાયક છું' એમ જ્ઞાતા ધારા વહેતી હોય એમાં એને અંશે શાંતિ ને સમાધિ વેદાતી હોય છે એ શાન્તિ સમાધિ અને નિર્વિકલ્પની શાંતિ સમાધિ બેય જુદી હોય છે. ૬.

**✻ પ્રશ્ન : ધ્રુવ જ્યારે બળવાન થાય, એ સમયે વેદનનો સંબંધ સાથે સાથે હોય ખરો ?**

● ઉત્તર : ધ્રુવ જ્ઞાયક એની નિર્વિકલ્પતામાં જે જ્ઞાયક વેદાય એમાં સ્વાનુભૂતિ હોય. સવિકલ્પતામાં પણ હું જ્ઞાયક છું એમ લઈ શકે છે. સવિકલ્પતામાં પણ અંશે એ જ્ઞાયકતાની ધારાએ એકત્વબુદ્ધિ થઈ રહી છે તેને તોડીને જે માત્ર ધારણારૂપે કે વિકલ્પરૂપે કે અધ્યાસરૂપે હોય, એ જુદી વાત છે. અધ્યાસરૂપે હોય એ પણ જેને સહજ જ્ઞાતાધારારૂપે હોય છે, એ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થયા પછી પણ જ્ઞાતાધારા હોય છે. ઈ જ્ઞાતાધારામાં એને અંશે શાંતિ, જ્ઞાયકતા બધું હોય છે. પણ ઈ સવિકલ્પતામાં હોય છે, ઓલું નિર્વિકલ્પતામાં હોય. ઈ નિર્વિકલ્પતાની શાંતિ અને વેદન જુદી હોય છે. અને સવિકલ્પતામાં તો અમુક પ્રકારે હોય છે. ૭.

**✻ પ્રશ્ન : વેદનકાળે આપને ઉપયોગની ધારા સ્વરૂપને સંપૂર્ણ ગ્રહણ કરતી નથી ?**

● ઉત્તર : સ્વરૂપને એને દૃષ્ટિ સંપૂર્ણ ગ્રહણ કરે, પણ હજી તો પૂર્ણતા-કેવળજ્ઞાન પ્રગટ નથી થયું એટલે અંશે સ્વાનુભૂતિ થાય. સિદ્ધ ભગવાનને પૂર્ણ સ્વાનુભૂતિ છે. તો સમ્યગ્દૃષ્ટિને અંશે સ્વાનુભૂતિ એટલે એને ઉપયોગની ધારા અંશે ગ્રહણ કરે છે પણ એને જે સમ્યગ્દૃષ્ટિ પણ સમ્યગ્દર્શન જે પ્રાપ્ત થયું ઈ ચેતન્યનો

સ્વભાવ છે, ઈ પૂર્ણ ગ્રહણ કર્યું. એણે સ્વભાવને પૂર્ણ ગ્રહણ કરે છે પણ એના વેદનની અંદર અંશ આવે છે અને જ્ઞાનમાં, દૃષ્ટિમાં એને પૂર્ણ સ્વભાવ આવી જાય છે. પણ વેદનમાં પૂરું નથી આવતું. વેદનમાં અંશ આવે છે. 'સર્વ ગુણાંશ તે સમ્યક્દર્શન', સર્વ ગુણોનો અંશ એને વેદાય છે. પણ પૂર્ણ જે એના બધા સંપૂર્ણ અંશ જે બધા પૂરણ અંશો નથી. અંશ વેદાય છે. વેદન આંશિક ગ્રહણપૂર્વક થાય છે. જ્ઞાનમાં ગ્રહણ થાય છે, વેદનમાં અંશે થાય છે. ૮.

*** પ્રશ્ન : પર તરફ ઉપયોગ જાય ત્યારે અને વેદનનું પ્રત્યક્ષપણું બંનેનો સંબંધ ?**

● ઉત્તર : બીજા તરફ ઉપયોગ જાય ત્યારે, સ્વાનુભૂતિનું વેદન નથી હોતું પણ એને સવિકલ્પની ધારા રહે છે. જ્ઞાતાધારા, જ્ઞાતાનું અંશે વેદન, ઈ સવિકલ્પતાનું વેદન રહે છે. સવિકલ્પતાની શાંતિ કહેવાય છે. નિર્વિકલ્પ શાંતિ નથી. ઘણાં કહે છે કે વિકલ્પ ઓછા થાય તો શાંતિ લાગે ઈ શાંતિ નિર્વિકલ્પતાની શાંતિ નથી. પણ જે એને એકત્વબુદ્ધિ હોય છે. એમાંથી ભેદજ્ઞાન થાય છે એટલે એને અંશે શાંતિ તો થાય છે, પણ ઈ શાંતિ નિર્વિકલ્પતાની શાંતિ નથી. ઘણાને એકત્વબુદ્ધિ હોય ને વિકલ્પો ઓછા થાય તો એને શાંતિ શાંતિ લાગે. પણ ઈ શાંતિ ખરેખર નથી. કારણ કે એને વિકલ્પો ઓછા થયા ને એકત્વબુદ્ધિ એ છે. શાંતિ લાગે પણ વિકલ્પ મંદ થાય ને શાંતિ શાંતિ લાગે. પણ ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ નથી કર્યું તો ઈ શાંતિ માત્ર એની કલ્પનામાં છે વિકલ્પની. શુભ-વિકલ્પ મંદ પડ્યા. વિકલ્પ શુભ થઈ ગયા અને અશુભ ટળી ગયા, આકુળતા ઓછી થઈ ગઈ, શાંતિ લાગી. પણ ચૈતનનું અસ્તિત્વ ગ્રહણ નથી કર્યું. ત્યાં સુધી શાંતિ શાંતિ નથી પણ સવિકલ્પતામાં જે ચેતનનો અસ્તિતત્વ ગ્રહણ થાય છે. ચેતન જ્ઞાયકરૂપે ગ્રહણ થાય છે, એ જ્ઞાતાધારા થાય છે. ત્યારે અંશે શાંતિ પ્રગટે છે. પણ ઈ શાંતિ સવિકલ્પતાની શાંતિ કહેવાય. નિર્વિકલ્પ શાંતિ નથી. ૯.

* પ્રશ્ન : હજી સ્વભાવ ગ્રહણ નથી થયો ત્યાં સુધીનો જે સમભાવ હોય તે માત્ર કષાયની ઉપશાંતતા?

● ઉત્તર : બસ, કષાયની ઉપશાંતતા છે બસ. ચૈતનનું અસ્તિત્વ ગ્રહણ નથી થયું. ત્યાં સુધી કષાયની મંદતાને લીધે શાંતિ છે. ચેતનનું અસ્તિત્વ ગ્રહણ થાય તો ઈ કાંઈક માર્ગે છે. ને માર્ગ ભલે નિર્વિકલ્પ નથી થયો પણ ચેતનનું અસ્તિત્વ ગ્રહણ થયું, એના જ્ઞાનમાં આવ્યું અને વિકલ્પથી કાંઈ અંશે છૂટો પડ્યો, ભેદજ્ઞાનની ધારા પ્રગટી અને અમુક પ્રકારે, તો ઈ કંઈક માર્ગે આવ્યો છે. પણ એકલું ધ્યાન કરે ને વિકલ્પ શાંત કરે તો માત્ર એને વિકલ્પ શાંત થાય. કષાયનો ઉપશમ છે. સાચી શાંતિ નથી. ઓલો જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરે તો માર્ગે છે, ભલે નિર્વિકલ્પ નથી થયો તો પણ ઈ માર્ગમાં છે. જ્ઞાયકતાને ગ્રહણ કરે, જ્ઞાતાધારા પ્રગટ કરે. એનો અભ્યાસ કરતો અસ્તિત્વ ગ્રહણ કરતો માર્ગમાં કાંઈક છે? ઓલો એકલો વિકલ્પ શાંત કરે છે તો એ માર્ગે નથી. કષાયની ઉપશાંતતા છે. ૧૦.

* પ્રશ્ન : જ્યારે આપણને આત્મા વેદન શરૂ થાય, એ ટાઈમે આ જે વેદન થઈ રહ્યું છે 'એ જ હું' એવું એકત્વપણું પણ સાથે-સાથે જોડાતું હોય છે?

● ઉત્તર : આ વેદન થાય, જે આ મને વેદન થાય છે તે મારા આત્માનું જ છે. પોતાનું અસ્તિત્વ જે ગ્રહણ કર્યું, એમાં લીનતા વધી જાય ને વિકલ્પ તૂટી જાય ને વેદન થાય છે. પૂરો નિશ્ચય જ અંદરથી. દૃઢતા આવે છે એ આત્માની જ આ અનુભૂતિ છે બીજી નથી. ૧૧.

* પ્રશ્ન : એ વેદન ને દૃઢતા બન્ને સાથે સાથે?

● ઉત્તર : બેય સાથે છે. વેદન થાય છે ને ઈ દૃઢતા છે. આ મારા આત્માની જ સ્વાનુભૂતિ છે, બીજું નથી. ૧૨.

* પ્રશ્ન : એક રીતે આ દેહાધ્યાસના સંસ્કારો નાશ થવાનું પ્રબળ કારણ ગણી શકાય?

● ઉત્તર : દેહ આદિના ના સંસ્કારો નાશ થાય નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય ત્યારે અને ચૈતનનું અસ્તિત્વ ગ્રહણ કરે તો પણ દેહાધ્યાસના સંસ્કારો એના આંશિક છૂટે છે. જ્ઞાયકને સીધો ગ્રહણ કરે તો જ. પણ નિર્વિકલ્પતા થાય એ તો દેહાધ્યાસના અભ્યાસથી એકદમ છૂટી જાય. ૧૩.

**✻ પ્રશ્ન : પ્રયત્ન ચાલે છે એને પીડા થાય છે કે અંદરથી એવું કંઈ વેદન આવે છે ?**

● ઉત્તર : એને એમ થાય છે કે હું જ્ઞાયક જ છું. પણ હજી સમ્યગ્દર્શન એને નથી. ૧૪.

**✻ પ્રશ્ન : (પ્રશ્ન અસ્પષ્ટ છે) માં વેદન થાય છે કે નહિં.**

● ઉત્તર : સમ્યગ્દર્શનનું પહેલાનું એટલે કે એને હજી વિકલ્પ ઉભો છે. તોપણ એ સ્વભાવને ઓળખી લે છે, એને નિર્ણય પાકો થાય છે. તો પણ હું જ્ઞાયક જ છું. હજી વિકલ્પ તૂટે નહિ. વિકલ્પ છે પણ એને જ્ઞાયક છે એનું જ્ઞાન થઈ શકે છે. ૧૫.

**✻ પ્રશ્ન : જ્ઞાયક છે એનું જ્ઞાન થઈ શકે છે. વેદનથી એટલે નિર્વિકલ્પ વેદનમાં હોય અને સવિકલ્પમાં પણ એને શાંતિ આવતી હોય એને વેદન કહેવાય ?**

● ઉત્તર : શાંતિ જે નિર્વિકલ્પની શાંતિ એ નહિ પણ જે સવિકલ્પતા-નિર્વિકલ્પતા પછીની જે સવિકલ્પતા હોય છે, એવી સવિકલ્પતા. આ નહીં. પણ આ એણે એક જ્ઞાયક છું. એમ જ એણે ગ્રહણ કરેલ છે. જ્ઞાયક જ્ઞાયક જુદો રહેવામાં શાંતિ છે. એવી જાતનો એ નિર્ણય કરે છે. જુદો એમ થાય છે એમાં એને શાંતિ લાગે છે જો ઈ કરી શકે છે. ૧૬.

**✻ પ્રશ્ન : વિપરીત શાંતિ એ નહીં પણ એ નજીકની શાંતિનું વેદન થાય ?**

● ઉત્તર : પ્રકાશ જ્યારે થાય ત્યારે જ થાય. ત્યાં સુધી બહારથી ઊભો છે. એની સાથે જ્યાં સુધી ભાવના વેદનની સાથે જે

થાય, ઈ જ્ઞાનમાં એ નિર્ણય કરી શકે છે કે આ શાંતિ આમાં છે એટલે એને આ શાંતિ છે. એ નિર્ણય કરે છે. એ વેદન સ્વસંવેદનરૂપ એ શાંતિ છે એ નિર્ણય. નિર્ણય કરી શકે છે. ૧૭.

પ્રશ્ન : બીજે ક્યાંય શાંતિ નથી એવી જાતનો નિર્ણય?

● ઉત્તર : આ શાંતિનું સ્થાન છે. બીજે ક્યાંય શાંતિ રાખે એ રીતનો નિર્ણય, એવો નિર્ણય કરી શકે છે. બીજે કંઈ શાંતિ નથી. એવો નિર્ણય કરી શકે છે. ૧૮.

✻ પ્રશ્ન : તો જ એનો ઉપયોગ ત્યાં સ્થિર રહે. નહીં તો સ્થિર રહે નહીં. ત્યાં જતાં શાંતિ મળે છે તો ઉપયોગ સ્થિર ત્યાં રહે નહીંતર તો બહાર જતો રહે.

● ઉત્તર : એવો નિર્ણય કરી શકે છે. ૧૯.

✻ પ્રશ્ન : લીનતા ને આત્મસંવેદન બન્ને એક જ સમયે ઉત્પન્ન થતા હશે?

● ઉત્તર : યથાર્થ લીનતા અને યથાર્થ સંવેદન એક જ સમયે. પહેલા તો લીનતાનો અભ્યાસ હોવો જોઈએ. ૨૦.

✻ પ્રશ્ન : આત્મ-સ્વસંવેદન તે જ આત્મ અનુભૂતિ છે ?

● ઉત્તર : સંવેદન તે જ અનુભવ. અનુભૂતિ ને સંવેદન બેય એક જ છે. ૨૧.

✻ પ્રશ્ન : આત્મ સંવેદન દરમ્યાન જે આત્મશુદ્ધિ થઈ હોય એ જ સ્વરૂપે સ્થિરતાનું કારણ બનતું હશે? અગર તો બીજું કોઈ કારણ ખરું?

● ઉત્તર : આત્મસંવેદન વખતે..... ૨૨.

✻ પ્રશ્ન : દરમ્યાન જે આત્મસંવેદન વેદાતું હોય?

● ઉત્તર : આત્મસંવેદન. ૨૩.

✻ પ્રશ્ન : મૂળધારા વધવાનું મૂળ કારણ એ ઉપાદાન એ જ છે કે અથવા બીજા કોઈ એવા કારણો ખરા ?

● ઉત્તર : આત્મ સંવેદન વધવાનું કારણ સ્વરૂપ તરફ જ્ઞાયકની દઢતા અને સ્વરૂપની લીનતા. એ બે કારણથી આત્મ

સંવેદન વધે છે. કોઈવાર લીનતા, કોઈવાર વિકલ્પ હોય અને લીનતા જે થાતી હોય છે, એ લીનતામા સંવેદન નથી હોતું. પણ વિકલ્પ છૂટીને જે સંવેદન થાય છે. એ અનુભૂતિરૂપ સંવેદન હોય છે. ઈ ખરું સંવેદન છે અને સંવેદન વધવાનું કારણ સ્વરૂપ તરફ વારંવાર ભેદજ્ઞાનની ધારાની વિશેષતા થાય કે હું જ્ઞાયક છું. વારંવાર જ્ઞાયકમાં વધારે વધારે લીનતા થાય. ઈ એને વિકલ્પ તૂટે. વારંવાર વિકલ્પ તૂટે તો ઈ સંવેદન વધવાનું કારણ છે. ૨૪.

ભજન : તુમ્હીં વિમોહ હો નિરંગ, સામ્ય ભાવરૂપ હો
અમૂર્તિક પૂર્ણબુદ્ધ આપ હી સ્વરૂપ હો.

* પ્રશ્ન : એમાં આત્મવીર્ય હોય સન્મુખતાવાળો ?

● ઉત્તર : આત્મા વીર્ય, આત્માનો પુરુષાર્થ. સ્વભાવ, સ્વભાવ તરફનું બળ. ૨૫.

* પ્રશ્ન : આત્મજ્ઞાની પુરુષો અનુભવમાંથી છૂટી જાય ત્યાર પછીનો એનો વીર્ય હોય કે નહીં, અનુભવમાંથી છૂટી જાય ત્યારપછીનું ચિંતન ભેદાભેદ એવું... ?

● ઉત્તર : અનુભવમાંથી છૂટી જાય છે ત્યારે બહાર આવે છે. બહાર આવે તો એ જ્ઞાયકની ધારા એની વહેતી જ રહે છે કે હું જ્ઞાયક છું. અંશે લીનતા હો. વિકલ્પ આવે એમાં એકત્વબુદ્ધિ થતી નથી. એનાથી નિરાળો નિરાળો ચૈતન રહે છે. વારંવાર બહાર આવે છે ત્યારે ઈ જ હોય છે. અંદર સ્વરૂપની પરિણતિ હોય. ઉપયોગ બહાર જાય તોય સ્વરૂપની પરિણતિ તો એમને એમ રહ્યા જ કરે. વેદન સંવેદન જે અનુભૂતિનું હોય એ નથી પણ અંશે શાંતિ અને સમાધિ અને જ્ઞાયકની ધારા ઈ તો નિરંતર પરિણતિ રૂપ રહે છે, ઉપયોગ બહાર જાય તો પણ. ૨૬.

* પ્રશ્ન : ચોવીસ કલાક ?

● ઉત્તર : હાં ચોવીસ કલાક અને ઉપયોગ અંતરમાં જાય અને એકાગ્ર થાય ત્યારે એને સ્વાનુભૂતિ થાય છે, વિકલ્પ છૂટીને. ૨૭.

**પ્રશ્ન : એટલે આમ સમ્યક્ સમજણ અને સમ્યક્ શ્રદ્ધાના બળને કારણે શારીરિકના વિકલ્પ હોવા છતાં પણ આત્મશાંતિ નિરંતર ચોવીસ કલાક... ?**

● ઉત્તર : આત્માની શાંતિ તો રહે જ છે ભેદજ્ઞાનની ધારામાં, પણ ઈ શાંતિ સંવેદનમાં જે હોય છે, ઈ જાતની, એવી, ઈ વિકલ્પ તૂટીને જે નિર્વિકલ્પ શાંતિ, નિર્વિકલ્પ આનંદ હોય એવી જાતની નથી હોતી. અને નિરાળી, ભેદજ્ઞાન પૂરતી શાંતિ હોય છે. ૨૮.

*** પ્રશ્ન : તો પછી શારીરિકના વિકલ્પો દરમ્યાન જે શાંતિ છે એ માત્ર નિષ્કામતાના કારણે?**

● ઉત્તર : ચારિત્ર—હું સ્વરૂપમાં લીન થાઉં એ ચારિત્ર. નિષ્કામ એટલે હું જુદો છું. હું બહારનો કર્તા તો થઈ શકતો નથી. પોતે જ્ઞાયક જ રહે છે. એ જ્ઞાયકની ધારાની વિશેષતા થાય છે. એ જ્ઞાયકની વિશેષતા, જ્ઞાયક ધારાની વિશેષતા થાય એટલે સ્વાનુભૂતિ રૂપે હોય અને નિષ્કામ ધારા એટલે પોતાને કાંઈ કરવાની ઈચ્છા નથી. પોતે કરી જ શકતો નથી. દ્રવ્ય પોતે નિરાળો જ છે. એટલે એનાથી કોઈ કર્તાબુદ્ધિ છૂટી જાય છે. માત્ર પોતે નિમિત્ત કાંઈ થવાનું હોય તો એમાં નિમિત્ત બને છે એમાં વિકલ્પ માત્ર રાગ આવે છે. કાંઈ કરી તો શકતો નથી માટે એની કર્તાબુદ્ધિ છૂટે. એને જ્ઞાતાધારાની વિશેષ વિશેષ ઉગ્રતા થાતાં એની સંવેદનધારા એકદમ વધી જાય, બહુ સંવેદનધારા વધે, એટલે એને ગુણસ્થાનની ભૂમિકા ઊંચી થઈ જાય છે. એટલે એને ચારિત્રદશા આવે છે. એટલે એને બહારનું બધું પ્રવૃત્તિનો યોગ છૂટીને એકલી મુનિદશા આવે જેમાં ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે અંતરમુહૂર્તે—અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિની ધારા વધી જાય છે. બહાર ઉપયોગ જાય, અંતર્મુહૂર્ત—અંતર્મુહૂર્તે અંદર નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય. અંતર્મુહૂર્ત બહાર આવે, અંતર્મુહૂર્તે અંતરમાં વયા જાય એવી સ્વાનુભૂતિની ધારા મુનિદશામાં વધી જાય છે ને એ મુનિદશામાં એવી ધારા વધવાથી એને કેવળજ્ઞાન એવી રીતે

પ્રગટ થાય છે. એવી દશા થઈ જાય છે. ઈ ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે અમુક જાતની સ્વાનુભૂતિ થાય છે. બહુ દશા વધી જાય ત્યારે એ ચારિત્ર દશા, એવી રીતે એને આવે આવે છે. બહુ સ્વાનુભૂતિનું બહુ બળ વધી જાય. ક્ષણેક્ષણે મુનિદશા આવે છે પછી ઈ બહારના કોઈ પ્રવૃત્તિયોગમાં રહી શકતો નથી. અંદર નિવૃત્તિ પરિણતિ એકદમ વધી જાય છે. અંતરબુદ્ધિ તો છૂટી ગઈ'તી. માત્ર બહાર જોડાતો પણ ઈ પછી તો જોડાઈ પણ શકતો નથી. એટલી નિવૃત્તિ પરિણતિ વધી જાય ત્યારે મુનિ થઈ જાય એટલે ઈ વારે વારે વારે વારે સ્વાનુભૂતિની દશામાં જ રહ્યા કરે. ક્ષણે થોડીવાર બહાર આવે જો એકદમ રહી જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. પણ ક્ષણે બહાર આવે તો શ્રુતનાં વિકલ્પ આવે. કાંઈ શાસ્ત્ર લખવાના વિકલ્પ આવે. આહાર વિહાર આદિના અમુક થોડા થોડા વિકલ્પ આવે. બાકી અંદર ક્ષણેક્ષણે ક્ષણેક્ષણે સ્વાનુભૂતિની ધારામાં વહ્યા જ કરે. સ્વાનુભૂતિ. એમ કરતા કરતા એને કેવળજ્ઞાન થાય. ત્યારે સાદિ અનંત બસ પછી સમાધિ. બસ! નિર્વિકલ્પ સ્વરૂપ સ્વાનુભૂતિમાં સાદિ અનંત થઈ જાય. વિકલ્પ તૂટ્યા એ તૂટ્યા, પછી ફરીને આવતા જ નથી. એવી સંવેદનધારા થઈ જાય છે. એવી દશા વર્તે છે પણ આ અંશ સમ્યગ્દર્શનથી પ્રગટ થાય છે. ૨૯.

**✻ પ્રશ્ન : પંચમ ગુણસ્થાનમાં વધતા જાય એમ એની માત્રા વધતી જાય ?**

● ઉત્તર : હાં એની માત્રા, સ્વાનુભૂતિની માત્રા વધતી જાય છે. ૩૦.

**✻ પ્રશ્ન : આત્મ સંવેદન એ સર્વસ્વ છે એવો નિર્ણય હોવા છતાં અનુભવમાંથી કેમ છૂટી જવાતું હશે ?**

● ઉત્તર : એવો નિર્ણય છે પણ પછી એવા આચરણ ને એવી પ્રતીતિ અને આચરણમાં થોડો ક્રમ પડે છે. પ્રતીતિ દઢ છે કે બસ આમાં જ રહેવા જેવું છે. એવી પ્રતીતિ દઢ છે. પણ ઈ જાતનો પ્રયત્ન

ને અને પ્રતીતિને ક્રમ પડે છે. પ્રતીતિરૂપ પ્રયત્ન થઈ ગયો છે કે બસ આ જ ઈ આ જ્ઞાયકતામાં રહે છે પણ વિકલ્પ તૂટીને એવું આચરણ કરવામાં એને થોડો ક્રમ પડે છે. પુરુષાર્થની થોડી મંદતા રહે છે. એટલે એને નિર્ણય એવી જાતનો પ્રતીતિ દૃઢ હોવા છતાં પણ ઈ વિકલ્પથી બહાર આવી જાય છે. કારણ હજી અંતરમાંથી જેટલી એને વિરક્તિ અંદરથી થવી જોઈએ એટલી થઈ નથી. થોડા રાગ અનેક જાતના ઉપજે. વિરક્તિ પૂરી આવવી જોઈએ ઈ થઈ નથી. જે ચારિત્રદશા, પ્રયત્ન, ક્રમ છે. ઓછો છે. એટલે એમાં પ્રમાદ... ૩૧.

* પ્રશ્ન : આ ઉપયોગ આમ મૂકવા જોઈએ ત્યારે એમ લાગે કે એટલે જગતમાં કોઈ પદાર્થ રુચતા જ ન હોય એવું પોતાને જણાતું નથી. માત્ર સંવેદન જ જણાય છે. છતા પણ એવું એમ પણ એને.. ?

● ઉત્તર : આમ એને બધું સર્વસ્વ. આજથી આમાં રહેવા જેવું છે, એટલી એને દૃઢતા હોય છે. તોય પ્રયત્ન એટલું કામ નથી કરતો એટલે બહાર આવી જાય. જ્ઞાનમાં, શ્રદ્ધામાં પૂરેપૂરું જોર છે પણ આચરણ એટલું થઈ શકતું નથી. એટલે બહાર આવી જાય છે. ૩૨.

* પ્રશ્ન : અંશે જે વીતરાગતા ઉત્પન્ન થાય છે એને અને સમ્યગ્દર્શન બન્નેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે અન્ય ? આત્મ સંવેદન સર્વ પ્રકારના મોહને ક્ષય થવાનું પ્રબળ કારણ બને છે ?

● ઉત્તર : સંવેદન ઈ જ મોહનો ક્ષય છે. ૩૩.

* પ્રશ્ન : જ્ઞાતાનું વેદન એટલે વીર્ય એટલે જ્ઞાનનો વિશ્વાસ ?

● ઉત્તર : જ્ઞાતાનું વેદન એટલે વીર્ય ત્યાં ફરે, વિશ્વાસ કરે, જ્ઞાન કરે પ્રતીત કરે, જ્ઞાન કરે ને વેદન કરે એમ ત્રણે થાય તો થાય. એને જ્ઞાતાની ધારા થાય એટલે જ્ઞાતાનું વેદન. સ્વાનુભૂતિનું વેદન જુદું. આ તો એને સવિકલ્પતામાં પણ હું જ્ઞાતા છું એવી જાતનું અંદરમાં એક જાતની એને શાંતિ અને અંશે વેદન રહે. વિકલ્પથી હું છૂટો છું ને હું આ જ્ઞાયક છું. એના ઉપર દ્રવ્ય દૃષ્ટિનું જોર આવે, એનું જ્ઞાન કરે ને અંશે એને શાંતિ લાગે કે આનાથી હું છૂટો છું. આ

વિકલ્પ મારું સ્વરૂપ નથી. ૩૪.

✻ **પ્રશ્ન : વિકલ્પદશામાં પણ?**

● ઉત્તર : સવિકલ્પતામાં પણ એમ થઈ શકે. ૩૫.

✻ **પ્રશ્ન : સ્વાનુભૂતિનો આનંદ?**

● ઉત્તર : સ્વાનુભૂતિનો આનંદ તો એક જુદી જ જાત છે. આમાં કાંઈ આનંદ નથી પણ એને એટલું જ્ઞાતા તરફનું અમુક જાતનું વેદન શાંતિનું આવે છે સવિકલ્પતામાં. સ્વાનુભૂતિ પછીની તો સહજધારા છે, પણ ત્યાર પહેલાં પણ પોતે આવો અભ્યાસ કરે તો થઈ શકે. છૂટો પાડવાનો અભ્યાસ કરે તો થાય. તો એની જ્ઞાતાની સન્મુખ દશા થાય તો ઈ એને એની દૃષ્ટિ દૃઢ થાય, એને જ્ઞાન થાય એની પરિણતિ થાય. બધું થાય ઈ ભેદજ્ઞાન કરવાનું કહે છે, એ આ છે અંશે. એને જુદો પડે. એમાં એનું ભેદજ્ઞાન થાય ને અંશે એની લીનતાની પરિણતિ જરા થાય તો એને અમુક અંશે શાંતિ પણ લાગે એ વિકલ્પથી, વિકલ્પ છૂટા નથી પણ આનાથી હું જુદો છું, એવી જાતનું એનું જ્ઞાનમાં આવે, એ જાતની લીનતા પણ આવે છે. ૩૬.

✻ **પ્રશ્ન : ત્યારે ઈ જાતની શાંતિનું વેદન આવે છે.**

● ઉત્તર : હાં ઈ જાતની શાંતિ. ૩૭.

✻ **પ્રશ્ન : વેદન કઈ રીતે સમજાય આપણને આ કષાયનું છે?.... (અસ્પષ્ટ છે)**

● ઉત્તર : વેદન તો ઘણા ધ્યાનમાં રહે છે, એને કાંઈ વિકલ્પ શાંત થાય ને વેદન થાય એ નહિં. આ તો વિકલ્પ તૂટીને જે સ્વાનુભૂતિ. એનો આત્મા જ એને કહી દે કે આ જ આત્માનું મુક્તિનો માર્ગ ને આ જ આત્માની સ્વાનુભૂતિ. એનો આત્મા જ અંદરથી યથાર્થ જ્ઞાન, યથાર્થ અનુભૂતિ થાય. બાકી ઘણાં ધ્યાન કરે, વિકલ્પ મંદ કરે ને અંદરમાં આકુળતા અંદર સૂક્ષ્મ ભરેલી હોય, વિકલ્પ તૂટ્યો ન હોય તો ઈ કાંઈ સ્વાનુભૂતિ નથી. વિકલ્પ તૂટીને ભેદજ્ઞાનની ધારા થાય કે હું જ્ઞાયક છું. હું જ્ઞાતા છું. મારો સ્વભાવ જુદો, આ

વિકલ્પની જાળ છે ઈ હું નથી. એ તો આકુળતારૂપ છે. એને કર્તૃત્વબુદ્ધિ છૂટીને જે જ્ઞાયકની ધારા થાય હજી અલ્પ અલ્પ એને વિકલ્પ હોય છે, પણ ઈ વિકલ્પ મારો સ્વભાવ નથી. એમાં ભેદજ્ઞાન કરીને જેને ઉગ્રતા થાય એમાં વિકલ્પ તૂટીને જે સ્વાનુભૂતિ થાય ઈ કોઈ જુદી હોય છે. એનો આત્મા જ યથાર્થ કહી દે છે કે આ સ્વાનુભતિ અને આ જ આત્માનું, આ આત્માનું વેદન જ છે. ૩૮.

✻ પ્રશ્ન : આ જે એકીસમયે જે દર્શનગુણ ખ્યાલ આવે છે, ત્યારે નિશ્ચય થાય છે કે આ શ્રદ્ધા ગુણ છે કે આ સુખ ગુણ છે. સ્વાનુભૂતિ વખતે આવું કંઈ ખ્યાલમાં આવે?

● ઉત્તર : ઈ ભાસે છે અંદર. ૩૯.

✻ પ્રશ્ન : કોઈ ગુણની પરિણતિ ?

● ઉત્તર : હા, અનંત ગુણની પરિણતિ એમને ખ્યાલમાં આવે છે.

પ્રશ્ન : અંતરથી કાંઈક જુદું ભાસે એવું છે?

● ઉત્તર : હા, ગુણ તો બધા એક દ્રવ્યના જ છે. પણ એમાં અનંતા અનંતા ભાવો ભરેલા છે. અનંતા ગુણો ભરેલા છે. એનું એને ભાવભાસન થાય છે એને એમ થાય છે. કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે પણ સ્વાનુભૂતિમાં પણ એને ભાવનું ભાસન થાય છે. ૪૦.

✻ પ્રશ્ન : એટલે સ્વાનુભૂતિ વખતે ખ્યાલ આવે ?

● ઉત્તર : હાં, સ્વાનુભૂતિ વખતે આવે. એના વેદનમાં આવે છે. ૪૧.

✻ પ્રશ્ન : કારણ કે દર્શન ગુણથી જ્યાં સુધી દેખે છે આંખો વગર ?

● ઉત્તર : આંખો વગર દેખે છે. ૪૨.

✻ પ્રશ્ન : દેખે છે ?

● ઉત્તર : આંખો ઈ તો જડ છે. આંખ કંઈ દેખતી નથી. અંદર દેખનારો ચેતન છે. આંખો તો નિમિત્ત છે. આ જે બહારનું દેખાય

છે ઈ આંખથી નહિં. આંખ તો જડ છે. આંખ દેખતી નથી. દેખનારો અંદર છે. ઈ એની ક્ષયોપશમ શક્તિને લઈને ઈ સીધું દેખી શકતો નથી. આંખ તો નિમિત્ત છે. આંખ તો જડ જ છે. ચૈતન વહ્યો જાય તો આંખ ક્યાં દેખે છે? દેખનારો તો પોતે જ છે. ચેતન છે. હવે જો પોતે જ દેખનારો છે. એને અવલંબનની જરૂર નથી પડતી. એને તો આલંબનની તો ક્ષયોપશમ જ્ઞાન છે એટલે જરૂર પડે છે. ઈ ચૈતન પોતે સ્વયં દેખનારો છે. સ્વાનુભૂતિમાં એના દેખવાનો ગુણ કાંઈ ચાલ્યો જતો નથી. ઈ તો સ્વયં દેખનારો છે. પોતે પોતાને દેખે છે. ઈ વખતે બહાર ઉપયોગ નથી, પણ પોતે પોતાને દેખે, પોતે પોતાના વેદે છે. ને ભલે એને પ્રત્યક્ષ કેવળજ્ઞાની હોય એવું નથી. પણ એના વેદનમાં આવે છે. દેખનારો પોતે છે. આંખ કાંઈ દેખતી નથી. દેખનારો—એનો દેખવાનો ગુણ જ ચૈતન્યનો છે. આંખ તો જડ છે. ચેતન વહ્યો જાય તો આંખ ક્યાં દેખે છે? માટે દેખનારો ચૈતન છે, જાણનારો ચૈતન છે. ઈ જાણનારો પોતે છે, દેખનારો પોતે છે. ને જ્ઞાયક પોતે જાણનારો. જે ભાવો જે થાય એ બધાનો જાણનારો અંદર છે. વિભાવ બધા, એક પછી એક વિકલ્પ ચાલ્યા જાય તો જાણનારો એમને એમ ઊભો છે. નાનપણથી અત્યાર સુધી શું શું થયું એ બધું જ્ઞાન જાણે છે વિકલ્પ તો વહ્યા ગયા છે. કાર્યો વહ્યા ગયા તોય જાણનારો તો એમને એમ છે. જાણનારો દેખનારો એ પોતે સ્વયં ગુણવાળો છે. એ જાણનારો, દેખનારો અને જે આનંદ ગુણ છે એ બહારથી આનંદ માને છે, કલ્પિત છે. પણ ઈ વિકલ્પ તૂટી જાય, એ આકુળતા તૂટે ને જે નિર્વિકલ્પ દશા આવે એને સ્વાનુભૂતિમાં જે આનંદ ગુણ વેદાય છે. એની સાથે એને અનંત ગુણોનું ભાવનું ભાસન થાય છે. ૪૩.

*** પ્રશ્ન : પોતે પોતાને સંચેતે છે એમ જ્યારે આપણે કહીએ એ પણ એક ગુણમાંથી જ આવે છે ?**

● ઉત્તર : એ આ પોતે પોતાને સંચેતે છે. ઈ પણ એક જાતનો

ગુણ છે. એ એનો ધર્મ છે એક જાતનો. પોતે પોતાને ચેતે છે. સંચેતે છે. પોતે પોતાને જાણે છે. સંચેતવું એટલે જાણવું એટલે ચેતનતા છે એનામાં, જડતા નથી. વિકલ્પ તૂટી ગયાં એટલે શૂન્ય નથી થઈ જાતો. વિકલ્પ એમના વહ્યા ગયા એટલે એનું જાણવાનું વયું નથી જાતું. વિકલ્પને જાણનારો, વિકલ્પ આ આવ્યા, આવ્યા એને જાણનારો, એને વિકલ્પ છૂટી ગયા એટલે ઈ શૂન્ય નથી થઈ જાતો. એટલે એનું જાણવાનું, જાણનારો ઉભો રહે છે. એ જાણે છે પોતે, પોતાને જાણે છે. પોતે પોતાને જાણે છે પોતે પોતાને દેખે છે. પોતે પોતાના આનંદનો અનુભવ કરે છે. પોતે પોતામાં લીનતા કરે છે. પોતે પોતામાં અનંત ગુણનો એનો ભાવનું ભાસન થાય છે એને. ૪૪.

*** પ્રશ્ન : એટલે જુદા જુદા ગુણોનો પણ તે વખતે ખ્યાલ આવી જાય?**

● ઉત્તર : હા, ખ્યાલ આવી જાય છે. એ તો અનુપમ છે. અલૌકિક છે એનાથી અલૌકિક અનુભૂતિ છે. ચૈતન અનુભૂતિ સ્વતઃસિદ્ધ છે ચેતન. એને કોઈએ બનાવેલો નથી. સ્વયં જાણનારો, સ્વયં દેખનારો, સ્વયં આનંદરૂપ, સ્વયં અનંત ગુણ ને અનંત શક્તિઓથી ભરેલો છે. વિકલ્પ તૂટી ગયા એટલે એકલો સ્વયં થઈ ગયો એટલે પોતાને વિશેષ અનુભવ ને અપૂર્વ નિર્વિકલ્પ અનુભવ થાય છે. ૪૫.

*** પ્રશ્ન : જ્ઞાયકમાં અનંતા ગુણ ભેગા રહેવાનું ?**

● ઉત્તર : એક જ્ઞાયક અસ્તિત્વ ગ્રહણ કર્યું, એમાં અનંતગુણ આવી જાય છે. એને જ્ઞાનમાં બધા આવે પણ દૃષ્ટિ તો કોઈ ભેદ નથી પાડતી. ઈ તો અભેદ ને એક સામાન્ય ગ્રહણ કરી લે છે કે પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ છે. એમાં એની અનંત શક્તિઓ, અનંતા ગુણો આવી જાય છે. ૪૬.

*** પ્રશ્ન : અને વેદનમાં પણ અનંતા ગુણ આવે ?**

● ઉત્તર : ઈ તો એને સ્વાનુભૂતિમાં આવે. સ્વાનુભૂતિમાં,

અનંતા ગુણોની પર્યાય. અનંત ગુણોની પર્યાયો એને વેદનમાં આવે છે. એના કાંઈ જુદા જુદા નામ, કાંઈ એને હોતાં નથી. એના વેદનમાં આવે છે. ૪૭.

*** પ્રશ્ન : હવે આ સ્વાનુભૂતિમાં કેવી શાંતિ ને કેવો અતીન્દ્રિય રસ હોય છે એનું થોડું વર્ણન.**

● ઉત્તર : ઈ તો કાંઈ વચનમાં આવે છે? એ તો જગતથી જુદું છે. જગતથી જુદું જ છે. જે એને વિભાવનો આનંદ અને વિભાવનો રસ એ તો જુદો એ તો નિર્વિકલ્પ આનંદ છે. ચૈતનના આશ્રયમાંથી ચૈતનરૂપ છે. ચૈતનમાંથી પ્રગટેલો આનંદ છે. એને કોઈનો આશ્રય નથી. પોતે ચૈતન, પોતે પોતાના આશ્રયમાંથી પ્રગટેલો છે.

જેમ બરફ છે એમ પોતે અનંતી શાંતિ, અનંત ઠંડકથી ભરેલો, એમ આત્મા અનંત શાંતિ અને અનંતી આનંદથી ભરેલો છે. શાંતિ એ એક વસ્તુ જુદી છે. આ તો અનંત આનંદથી ભરેલો છે. અનંત જ્ઞાનથી ભરેલો છે. એ તો એના ગુણ જ છે. જે પોતે પોતાના ગુણ છે એ ગુણોની પર્યાયો પ્રગટ થાય છે. એને કોઈ વિકલ્પનો આશ્રય નથી. જ્યાં આકુળતા નથી. શાંતિ તો છે. પણ આનંદ પ્રગટ થાય છે. ૪૮.

*** પ્રશ્ન : લક્ષ તો દ્રવ્યનું છે. વેદન પર્યાયનું છે?**

● ઉત્તર : હા વેદન પર્યાયનું, લક્ષ દ્રવ્યનું. વેદન પર્યાયનું ૪૯

*** પ્રશ્ન : પર્યાયમાં તો જેમ કષાયથી ભેદજ્ઞાન થાય ત્યારે એક કષાયના અભાવ જેટલું સ્વાનુભૂતિ કાળમાં વેદન થાય? પ્રથમમાં તો.**

● ઉત્તર : કષાયનો અભાવ થઈને જે. ૫૦.

*** પ્રશ્ન : અનંતાનુબંધીનું અભાવનું?**

● ઉત્તર : અનંતાનુબંધીના અભાવની પહેલાં તો એ ભેદજ્ઞાન કરે છે કે 'આ હું નથી' તો એ તો ભેદજ્ઞાન છે. વિકલ્પ તૂટીને જે આવે છે એ તો એનો ચૈતનમાંથી આવે. એ તો ચૈતન્યમાંથી આવે છે. ભેદજ્ઞાન કરે તો અમુક અંશે શાંતિ એને લાગે છે. સવિકલ્પમાં તો એને આનંદ નથી. પણ શાંતિ એને સમાધિ જેવું લાગે છે. બાકી

વિકલ્પ તૂટીને તો આનંદની, આનંદ ઊછળે છે. ઈ જુદો છે. સવિકલ્પમાં એ હોતો નથી. એ નિર્વિકલ્પમાં જ હોય છે. ૫૧.

● ભજન : સિદ્ધ દેખાતા જગતના જીવ સૌ (૨)
ચૈતન્ય ચૈતન્ય ભાસે આ સૌ, (૨)
રાગ-દ્વેષ ભુલાય રે, મારા ધ્રુવ આંગણમાં....
રાગદ્વેષ ભુલાય રે,....મારા...
ધ્રુવ આંગણમાં દરિયા ઊછળતાં...

* પ્રશ્ન : એવો આનંદ કેવો ઊછળે ?

● ઉત્તર : કેવો ઈ? કંઈ કોક કહે કે ઘી કેવું? ઘીનો સ્વાદ કેવો? કોઈ કાંઈ કહે કે સાકર કેવી? તો મીઠી. તો કેવો મીઠો (સ્વાદ)? ઈ કાંઈ બોલવાની વાત નથી. ૫૨.

* પ્રશ્ન : દાખલા તરીકે

● ઉત્તર : દાખલો. એ તો અનુપમ છે ને! ઉપમા કોઈની લાગતી નથી. ૫૩.

* પ્રશ્ન : આજે સવારે ટેપમાં આવ્યું હતું કે કેવળજ્ઞાની સર્વ આત્મપ્રદેશથી જાણે છે તો સ્વાનુભૂતિમાં પણ સર્વ આત્મપ્રદેશથી આત્મા જણાય ?

● ઉત્તર : એ તો આત્મા, એણે કેવળજ્ઞાન ક્યાં? પ્રગટ નથી થયું? એને તો ઈ ક્ષયોપશમ..... ૫૪.

* પ્રશ્ન : પ્રત્યક્ષ છે ને ઈ તો ?

● ઉત્તર : હાં અંશે વેદન પ્રત્યક્ષ છે. ૫૫.

* પ્રશ્ન : વેદન પ્રત્યક્ષ છે. પ્રદેશ પ્રત્યક્ષ નથી ?

● ઉત્તર : પ્રદેશ (પ્રત્યક્ષ)થી નથી. વેદન પ્રત્યક્ષ (છે). ૫૬.

* પ્રશ્ન : તો એ સર્વ પ્રદેશથી ?

● ઉત્તર : એને પ્રદેશ કહે, જીવના પ્રદેશો કંઈ એને કાંઈ દબાઈ નથી ગયા. એને નિરાવરણ દરેક અસંખ્ય પ્રદેશોમાં અનંતા અંશો એને અમુક અંશો તો ખુલ્લા જ છે. જે એના ખુલ્લા અંશોથી જાણે છે. ૫૭.

* પ્રશ્ન : ઇન્દ્રિયજ્ઞાનમાં તો બરાબર કે અમુક અંશોથી જાણે છે? પણ અતીન્દ્રિય વેદનના કાળે ?

● ઉત્તર : (અતીન્દ્રિય વેદનના કાળે) ઈ પણ ઈ જાણે છે. પણ જે કેવળજ્ઞાની જાણે છે એવી રીતે નહીં. વેદન પ્રત્યક્ષ છે. કાંઈ એને થોડુંક જાણે ને થોડુંક ન જાણે એવું નથી. એ આખા આત્માને જાણે છે. ૫૮.

* પ્રશ્ન : આખા આત્માને પણ સર્વ પ્રદેશથી ?

● ઉત્તર : હાં, સર્વ પ્રદેશથી આખા આત્માને જાણે છે એને ભેદ નથી પડતો કે આટલા પ્રદેશથી જાણે ને આટલા પ્રદેશથી નથી જાણતો એવો ભેદ નથી આવતો. સર્વ પ્રદેશથી સર્વ આખા સર્વાંગે વેદન થાય છે. અમુક પ્રદેશમાં વેદન થાય છે ને અમુકમાં નથી થાતું એવું નથી. સર્વાંગે વેદન થાય છે એને સર્વાંગે ઈ જાણે છે. ૫૯.

* પ્રશ્ન : સર્વાંગે જ્ઞાન પણ થાય છે ?

● ઉત્તર : સર્વાંગે જ્ઞાન પણ સર્વાંગે વેદન પણ સર્વાંગે. થોડું વેદન છે ને થોડાં પ્રદેશમાં નથી. થોડામાં જ્ઞાન છે ને થોડામાં નથી એમ નથી. સર્વાંગે જ્ઞાન ને સર્વાંગે વેદન છે. પણ ઈ વેદન પ્રત્યક્ષ છે. ઓલું કેવળજ્ઞાનનું જ્ઞાન પ્રત્યક્ષ છે, એ સમ્પૂર્ણ પ્રત્યક્ષ છે. ૬૦.

* પ્રશ્ન : અંદરમાં શાંતિની ધારા ચાલે છે આ એ પ્રચુર આનંદ કહે છે ? પ્રચુર આનંદ પ્રચુર આનંદ, એવો પ્રચુર કેટલો ?

● ઉત્તર : એ વારે વારે ક્ષણે ક્ષણે અંતર આત્મામાં જાય છે. શુદ્ધોપયોગની ધારા વારે વારે પ્રગટ થાય છે. બહાર આવે ને (અંદર) અંતર્મુહૂર્ત બહાર આવે અને અંતર્મુહૂર્તમાં અંતરમાં જાય છે. એને પ્રચુર સ્વસંવેદન છે. વારંવાર વારંવાર વારંવાર અંતરમાં જાય છે અને કષાયો તો એકદમ અલ્પ થઈ ગયાં છે. સંજ્વલન એકદમ પાતળા, વીતરાગ દશા વધી ગઈ છે. વીતરાગ દશા વધી ગઈ છે. એટલે આનંદ પણ વધી ગયો છે. પ્રચુર થઈ ગયો છે. વારેવારે અંતરમાં જાય (છે) ને વીતરાગદશા એકદમ વધી ગઈ છે. માટે

આનંદ પ્રચુર સ્વસંવેદન છે. ૬૧.

❀ બહેનશ્રી : દ્રવ્ય અપેક્ષાએ ત્રિકાળ મુખ્ય છે વસ્તુ અપેક્ષાએ. વેદનની અપેક્ષાએ નથી. દૃષ્ટિ તો શાશ્વત ઉપર જ મુખ્ય છે. દૃષ્ટિ તો શાશ્વત ઉપર. દૃષ્ટિ તો એક ચૈતન ઊપર રાખવાથી જ શુદ્ધ પર્યાય પ્રગટે છે. દૃષ્ટિ તો પહેલેથી તે ઠેઠ સુધી એની દૃષ્ટિ તો શુદ્ધાત્મ દ્રવ્ય ઉપર જે શાશ્વત દ્રવ્ય છે, જે પલટાતો નથી, જેમાં ફેરફારો થાતા નથી એવા દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ એની મુખ્યતા છે. પછી પર્યાયની મુખ્ય અપેક્ષાએ એને વેદનમાં અને અનુભવ વખતે એને વેદન મુખ્યતામાં સ્વાનુભૂતિ મુખ્ય થાય છે. તોય એનું દ્રવ્ય તો એની દ્રવ્ય પર દૃષ્ટિ છે એ તો સાથે જ રહે છે. ઈ પર્યાયના વેદનની અપેક્ષાએ એને મુખ્ય કહેવામાં આવ્યું છે—એટલે એમાં દૃષ્ટિ એને દૃષ્ટિને કાઢી નાખવાની નથી પણ એ વખતે પર્યાય એને વેદનમાં મુખ્ય છે. એટલે વેદનની અપેક્ષાએ એને મુખ્ય કહેવામાં આવ્યું છે. વેદનમાં પર્યાય આવે છે. વેદનમાં દ્રવ્ય નથી આવતું. તો પણ દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર જ રહે છે. દૃષ્ટિ-જો દૃષ્ટિ છૂટી જાય તો મુક્તિના માર્ગ જ છૂટી જાય. તો મોક્ષનો માર્ગ જે પ્રગટ થયો છે ઈ જ છૂટી જાય. દૃષ્ટિ તો કાયમ દ્રવ્ય ઉપર છે. વેદનની અપેક્ષાએ એને પર્યાયને એ વખતે મુખ્ય કહેવામાં આવ્યું છે. વેદન અપેક્ષાએ. અનુભૂતિ વેદનની પર્યાયની અનુભૂતિ થાય છે. માટે પર્યાય સ્વરૂપ દ્રવ્ય કેવું છે? આત્માના ગુણો કેવા છે? સ્વાનુભૂતિ કેવી છે? ઈ બધું વેદનમાં આવે છે. ઈ અપેક્ષાએ એને વેદનને મુખ્ય કીધું છે. એટલે એમાં દ્રવ્યનું લક્ષ્ય છોડવાનું કહેવું એવો અર્થ એનો નથી. ૬૨.

✻ પ્રશ્ન : ઈ રાખીને છે? દ્રવ્યનું લક્ષ રાખીને છે?

● ઉત્તર : ઈ રાખીને છે. રાખીને છે. મર્યાદિત. દૃષ્ટિ અપેક્ષાએ દૃષ્ટિ મુખ્ય છે ને વેદન એ જ્ઞાન એને જાણે છે. માટે જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન મુખ્ય છે. ઈ વખતે એમ. ૬૩.

✻ પ્રશ્ન : વેદન મુખ્ય કરીને કાંઈ ઉપાડ કરવાનો કોઈ પ્રકાર છે ?

● ઉત્તર : ઉપાડ કરવાનો એમ નથી કે એને વેદનમાં પર્યાયો જ આવે છે. ત્યાં વેદનમાં દ્રવ્ય એને વેદાતું નથી. પણ પર્યાયો વેદાય છે. ઈ પર્યાયોનું વેદન થાય છે. એનું જ્ઞાન કરાવાને વેદનનું જ્ઞાન કરાવા માટે છે. ઊપાડ તો દ્રવ્યદૃષ્ટિથી જ ઉપાડ તો થાય છે. ૬૪.

✻ પ્રશ્ન : મુખ્ય કોની સાથે સરખાવીને મુખ્ય કહીએ? વેદનને મુખ્ય કહ્યું, દૃષ્ટિ તો મુખ્ય છે તો એમાં પર્યાયની સાથે સરખાવીને કહ્યું કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર મુખ્ય છે. તો હવે જે વેદન જે મુખ્ય કહ્યું, એ કોની સરખામણીમાં કહ્યું?

● ઉત્તર : એને મુખ્ય કીધું કે જે દ્રવ્ય છે ને એ વેદનમાં નથી આવતું. માટે વેદનની અપેક્ષાએ એને મુખ્ય કીધું છે. દ્રવ્ય વેદનમાં નથી આવતું માટે વેદનની અપેક્ષાએ મુખ્ય છે. ૬૫.

✻ પ્રશ્ન : કેમ કે દ્રવ્ય વેદનમાં નથી આવતું?

● ઉત્તર : દ્રવ્ય વેદનમાં નથી આવતું. માટે એ મુખ્ય છે. વેદન અપેક્ષાએ, જણાણું ક્યારે? કહેવાય ક્યારે કે વેદનમાં આવે ત્યારે. એમ, દૃષ્ટિમાં તો ખરી. વેદનમાં આવ્યો તે ખરો આત્મા એમ કહેવાય છે કે કેવળજ્ઞાનરૂપે પરિણમ્યો ત્યારે ખરો આત્મા. ખરો આત્મા ક્યારે કહેવાણો કે જ્યારે જેવો છે (તેવો) પ્રગટ થયો ત્યારે. માટે વેદનની અપેક્ષાએ એને મુખ્ય કહેવાણું. દૃષ્ટિ એની અપેક્ષાએ દૃષ્ટિને ગૌણ કરી. પણ દૃષ્ટિ તો સાથે મુખ્ય રહે છે. વેદનની અપેક્ષાએ દૃષ્ટિને ગૌણ કરે છે કે દૃષ્ટિમાં તો આવ્યું જેવો હતો એવો, પણ ઈ જેવો છે એવો કાર્યરૂપે નથી પરિણમ્યો તો એ આત્મા જેવો છે એવું કાર્ય નથી કર્યું તો ઈ શું કામનું? માટે જેવો છે એવો જ્યારે પ્રગટ થયો ત્યારે આત્મા. આત્મા ઈ વેદનમાં આવ્યો ઈ જ ખરો આત્મા એમ. ઈ અંશે અનુભવ થયો અહીંયા. ઋજુસૂત્રનયે કહેવામાં (આવે) પૂરો થયો તો એવંભૂત અપેક્ષાએ. છેલ્લો બોલમાં લીધું છે ને ખરો આત્મા ક્યારે કહેવાય?

'પર્યાય પ્રગટ થઈ ઈ આત્મા' અલિંગગ્રહણમાં એમ. ૬૬.

**✻ પ્રશ્ન : દ્રવ્યથી નહીં આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા.**

● ઉત્તર : એવી શુદ્ધ પર્યાય એ આત્મા. કહેવું છે કે કારણ જેવો છે એવો એના ગુણ પર્યાયો જેવા છે એવા અનુભવમાં આવ્યા માટે ખરો આત્મા એમ. દૃષ્ટિ તો એણે એમાં લબ્ધ રૂપે સ્થાપી છે. પણ પ્રગટ ઉપયોગાત્મકરૂપે નથી. માટે જે ઉપયોગાત્મકરૂપે પરિણમ્યો ઈ આત્મા. ૬૭.

**✻ પ્રશ્ન : પર્યાયને ગૌણ કરાવી ક્ષાયિક ભાવ અને ચારે ભાવ પરભાવ?**

● ઉત્તર : એ દૃષ્ટિમાં બધા કાઢી નાખ્યા. ક્ષાયિક ભાવ પણ. બેઈ અહીંયા અપેક્ષા લીધી. કેવળજ્ઞાન એ ઈ પણ એક પર્યાયનો ભેદ છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાનું. ઉદયભાવ ઉપશમ, ક્ષાયિક ક્ષયોપશમ ભાવ બધા. ક્ષાયિક ભાવ પણ એમાંથી કાઢી નાખ્યો એક પારિણામિક ભાવ છે તેના ઉપર દૃષ્ટિ કર. દૃષ્ટિમાં એટલું જોર છે કે કોઈ અપેક્ષા જેમાં અધૂરી પૂરી પર્યાયની પણ અપેક્ષા નથી એવું તો અનાદિઅનંત દ્રવ્ય જે શાશ્વત કૃત્યકૃત્ય દ્રવ્ય છું. એવી જાતની દૃષ્ટિ આવી છે. પાછી જે શુદ્ધતા, અશુદ્ધતા છે એનો ખ્યાલ છે કે શુદ્ધતા પ્રાપ્ત કરવી છે પર્યાયમાં પાછી. એ જ્ઞાનમાં બધો ખ્યાલ છે. દૃષ્ટિ આવો અખંડ 'હું પૂર્ણ દ્રવ્ય જ છું'—એવી દૃષ્ટિ છે. કેવળજ્ઞાનની પર્યાયો ઉપર પણ દૃષ્ટિ નથી કારણ કે ઈ પછી પ્રગટ થાય છે. અનાદિ અનંત જે દ્રવ્ય શક્તિરૂપે છે તે જ હું શાશ્વત છું. એ દૃષ્ટિ એવી બળદાર છે. કોઈ પર્યાયમાં અટકતો નથી પણ વેદનમાં બધું પાછું આવે છે કે આ મને પર્યાય પ્રગટ થઈ કે આ થઈ એમાં ક્યાંય અટકતી નથી દૃષ્ટિ, પણ શુદ્ધ-બધી જે અધૂરી પર્યાય નીકળી જાય અશુદ્ધ પર્યાય, ને શુદ્ધ પર્યાય પ્રગટ થાય, પૂરણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય એ બધાનું વેદન આવે છે અંદર. એ વેદનરૂપે પરિણમ્યો એ

ખરો આત્મા. એ પોતાનું મૂળ સ્વરૂપ હતું એ એણે પ્રગટ કર્યું છે. એણે એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને. પછી દૃષ્ટિ કરીને કરવાનું શું? એ સાધના કરવા માટે ઈ દૃષ્ટિ છે. ૬૮.

**✻ પ્રશ્ન : વેદનને કાળે તો કાંઈ છે નહીં?**

● ઉત્તર : દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને પછી 'હું શુદ્ધાત્મા અનાદિ અનંત છું, આ વિભાવ પણ નથી. અધૂરી પૂરી પર્યાયો પણ ઈ એટલોય હું નથી. હું તો પૂર્ણ શુદ્ધાત્મા છું. દૃષ્ટિ કરીને પછી કાર્ય શુદ્ધ પર્યાયને પ્રગટ કરવાનું કાર્ય લાવવાનું છે. કાર્ય ન આવે તો દૃષ્ટિ નથી. ૬૯.

**✻ પ્રશ્ન : કાર્ય આવે તો જ સાચી દૃષ્ટિ?**

● ઉત્તર : કાર્ય આવે તો જ સાચી દૃષ્ટિ. અંતરથી શાંતિ પ્રગટ થાવી જોઈએ. ૭૦.

**✻ પ્રશ્ન : છતાં લક્ષ કાર્ય ઉપર ન હોય.**

● ઉત્તર : લક્ષ કાર્ય ઉપર નથી કે આ પર્યાય પ્રગટ થઈ ને આ પર્યાય પ્રગટ થઈ. એમાં એ દૃષ્ટિ રોકાતી નથી. એનું વેદન થાય છે. પણ હું તો પૂરો ભરેલો. પૂરેપૂરો ભરેલો છું. એક એક પર્યાય પ્રગટ થાય. પૂરી પર્યાય પ્રગટ થાય તો એનાથી અનંતુ મારા દ્રવ્યમાં ભર્યું છે.

કેવળજ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે ઈ તો પરિણમ્યા જ કરે એ વર્તમાન સમયની પર્યાય પ્રગટ થાય તો, એમાં અમને પ્રગટ થયું એમ રોકાતો નથી. એનાથી અનંતુ દ્રવ્યમાં ભરેલું છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ તો દ્રવ્ય ઊપર છે. કેવળજ્ઞાનની પર્યાય એક સમય જેનાથી અનંતી શક્તિ દ્રવ્યમાં ભરેલી છે. પણ ઈ તો ક્ષણે ક્ષણે ક્ષણે પરિણમ્યા જ કરે છે. ૭૧.

**✻ પ્રશ્ન : અનેક આત્માઓને આ પ્રકારની વિધિ વિભાવ પરિણતિમાં દુઃખ લાગે અને સ્વભાવ તરફ વળવાની?**

● ઉત્તર : સ્વભાવ તરફ ગ્રહણ કરવાની પરિણતિ. પોતાને

સ્વભાવ તરફનો નિશ્ચય ને વિભાવમાં દુઃખ. વિભાવ તો આકુળતારૂપ જ છે. પોતાને આકુળતા લાગતી નથી. એનું સ્વરૂપ ઓળખે કે આ તો આકુળતા જ છે. સ્વભાવ તે જ શાંતિરૂપ છે. એવો નિશ્ચય પોતાને આવડવો જોઈએ. વિભાવ તરફ એની પરિણતિ ટકી શકે નહિ. અંતર તરફ, અંતરમાં જ સુખ છે. વિભાવ હોય ખરું, પણ એની એકત્વ બુદ્ધિને તોડતો જાય છે. સ્વભાવ તરફ વળતો જાય છે. ૭૨.

* પ્રશ્ન : અતિન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા પહેલા શુભભાવની પરિણતિમાં એને કાંઈ આકુળતા થઈ જાય કે એવું કંઈ ?

● ઉત્તર : સ્વભાવની પરિણતિ થાય ખરી. પણ આ સ્વભાવ મારો નથી. એવું નિશ્ચય થાય ને એને આકુળતા તો લાગે. આ બધો મારો સ્વભાવ નથી. અને આકુળતા તો દરેકમાં આકુળતા જ છે. આકુળતા જ લાગે. ૭૩.

* પ્રશ્ન : સીધી આકુળતા વેદે કે ખરેખર આકુળતા મંદકષાયમાં પણ આકુળતા લાગે ?

● ઉત્તર : નહીં. યુક્તિથી ગ્રહણ કરે પણ એને વેદનમાંય એમ લાગે કે આ આકુળતા છે. એમાંથી છૂટી શકતો નથી પણ એને વેદનમાં લાગે કે આ આકુળતા છે. ૭૪.

* પ્રશ્ન : મંદમાં મંદ કષાય હોય તો પણ એને એ પ્રકારનું વેદન થાય ?

● ઉત્તર : હા, ઈ આકુળતા છે. તે ખરો સ્વભાવ કે આ આકુળતા છે ને આ સ્વભાવ છે ને આ વિભાવ, એમ નિશ્ચય કર્યો એટલા પૂરતું તો નહીં. પણ એને અંદરમાં વેદનમાં પણ એમ લાગે કે આ આકુળતા છે. ૭૫.

* પ્રશ્ન : ખટક ઈ પ્રકારની આકુળતા માટે આકુળતા વેદાય છે માટે મારી નથી ?

● ઉત્તર : તેને ખટક રહ્યા કરે છે કે આ આકુળતા છે. પણ એ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. હજી શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ

નથી. ત્યાં વચ્ચે આવે છે. હજી પણ પૂર્ણતા ન હોય, ભલે ભેદજ્ઞાનનની એની પરિણતિ ચાલુ હોય તોય વચ્ચે શુભભાવ આવે છે. પણ ઈ સમજે છે કે આકુળતા છે. આકુળતા આકુળતા રૂપે વેદાય છે. સ્વભાવ સ્વભાવરૂપે વેદાય છે. ૭૬.

*** પ્રશ્ન : જ્ઞાનીને તો એ પ્રમાણે બરાબર છે કારણ કે એણે તો આનંદનો સ્વાદ ચાખ્યો છે એટલે આકુળતાનું પ્રત્યક્ષ વેદન છે. પણ પહેલા પણ મિથ્યાદૃષ્ટિની ભૂમિકામાં પણ વેદનમાં આકુળતા મંદકષાયમાં પણ લાગે ?**

● ઉત્તર : તેમ લાગે એને. ખટકની તીવ્રતા થઈ જાય તો એને લાગે કે આ આકુળતા છે. નક્કી કરે છે એ કે પ્રગટ થયો નથી. તોય અંતરમાં પોતે અમુક પોતાનું વેદન ઓળખીને નક્કી કરે તો પોતાથી નક્કી કર્યું કહી શકાય. એ પોતે હજી આ વેદનમાં આવે છે આ બધા પ્રવૃત્તિરૂપ ભાવો ઈ બધા આકુળતારૂપ છે. આ જ્ઞાન છે એ શાંતિરૂપ છે. એ અમુક પ્રકારે એ યુક્તિમાં લે છે. પોતાના વેદન ઉપરથી નક્કી કાંઈ કરે તો એણે કાંઈક યથાર્થ નક્કી કર્યું કહેવાય. અદ્ધરથી નક્કી કરે તો ઈ કાંઈ ઈ કાંઈ વધારે યથાર્થ નક્કી નથી. પોતે પોતાના સ્વભાવ ઓળખીને પોતે પોતાના એને વેદનમાં આવે છે કે આ આકુળતા છે, આ સ્વભાવ જ્ઞાન છે ઈ શાંતિરૂપ છે એમ. તો એનાથી છૂટી નથી શકતો, ભેદજ્ઞાન નથી થાતું પણ એ અમુક પ્રકારે નિશ્ચય તો કરી શકે છે એ પોતે. એના પોતાના વેદનમાં પણ એને જણાઈ શકે એવું છે કે આ આકુળતા છે. આ શાંતિ છે, જ્ઞાન છે, જ્ઞાયકતા છે, શાંતિ છે. ૭૭.

*** પ્રશ્ન : જેને વેદન થઈ ગયું જ્ઞાની ધર્માત્માને એમ ભગવાનને સુખ કેવું હશે એ પણ નક્કી થઈ શકે? વેદનથી કે અનુમાનપૂર્વક.**

● ઉત્તર : વેદનથી નક્કી નહીં. એ અનુમાનથી નક્કી કરી શકે સુખ કેવું હોય એ સુખનું વેદન એને પોતાને નથી. ૭૮.

✻ પ્રશ્ન : વેદન પોતાના દુ:ખનું વેદન. આનાથી વિરુદ્ધ સુખ ?

● ઉત્તર : એને આનાથી વિરુદ્ધ સુખ એ અનુમાનથી નક્કી કરી શકે છે. બીજું આકુળતાથી વિરુદ્ધ નિરાકુળતા એટલું એ નક્કી કરે, પણ એ આનંદ ગુણ તે નક્કી કરવું એ અનુમાનથી નક્કી કરી શકે છે. આનંદ ગુણ કાંઈ એને વેદનમાં નથી આવતો. એ અનુમાનથી અમુક અમુક પ્રમાણો ઉપરથી નક્કી કરી શકે અને યુક્તિથી સ્વભાવથી અમુક નક્કી કરી શકે. એને વેદનમાં નથી આવતો. ૭૯.

✻ પ્રશ્ન : આકુળતારૂપ વેદન થાય છે તે જ્ઞાનીને સૂક્ષ્મતા થતાં એ પકડાય.

● ઉત્તર : એ પકડાય એ આમ સુખ પકડાય કે નિરાકુળતા એ સુખ, આકુળતા એ દુખ, પણ એ આનંદ ગુણ છે ઈ એને અનુમાનથી આ પ્રમાણો ઉપરથી નક્કી કરે કે જીવ આનંદને ઈચ્છી રહ્યો છે માટે આત્મામાં કાંઈ એવો આનંદગુણ છે કે જેને એ પોતે ઈચ્છા કરે છે એ મળતું નથી. આત્મામાં એવો સ્વભાવ છે આનંદગુણનો. ૮૦.

✻ પ્રશ્ન : અલ્પ વેદન આવ્યું ધર્માત્માને એનું વેદન જે ચાલુ હોય છે એ જ્ઞાનમાં આ પકડાય?

● ઉત્તર : પકડાય. બરાબર પકડાય. સ્વાનુભૂતિથી બહાર આવે છે વેદનમાંથી પછી જે એને જ્ઞાયકની શુદ્ધ પરિણતિ વેદાય. શુદ્ધ પરિણતિને બરાબર ઓળખે. ૮૧.

✻ પ્રશ્ન : વેદન પકડાય છે ?

● ઉત્તર : હાં. પકડાય છે. ન પકડાય તો તો એ સાધકદશા નથી. ૮૨.

પ્રશ્ન : એનો ઉપયોગ બહારમાં છે ને ?

● ઉત્તર : ઉપયોગ બહાર છે પણ અંદર પરિણતિ ચાલુ છે. ૮૩

* પ્રશ્ન : ઈ પરિણતિનું વેદન છે?

● ઉત્તર : હાં ઈ પરિણતિનું વેદન છે. ભલે ઉપયોગ બહાર છે તો પણ પરિણતિ કામ કરે છે. વેદનની જે છે. પોતે છૂટોને છૂટો રહે છે. ઉપયોગ બહાર જાય તો પણ પોતે જ્ઞાયકની ધારા છુટ્ટો ને છુટ્ટો. ગમે તે વિકલ્પ આવે જ્યાં ઉપયોગ બહાર રોકાતો હોય તો એકત્વબુદ્ધિ તૂટી ગઈ છે. ભેદજ્ઞાનની ધારા વર્તે છે. આ જ્ઞાયકની પરિણતિ છૂટી વર્તે છે, જ્ઞાયક, ઈ પરિણતિમાં એને વેદન છે. અંશે શાંતિ સમાધિ વર્તે છે. પહેલાની જેમ એકમેક આકુળતારૂપ થઈ જતું નથી. છૂટું રહે છે. એ પરિણતિનું એને વેદન છે. એને ઉપયોગ ભલે બહાર છે એટલે પોતે પોતાને વેદન એને નથી કે જાણી શકતો નથી. ઉપયોગ મૂકે તો જ જાણે એવું નથી. ત્યાં એની પરિણતિ કામ કરે છે. ૮૪.

* પ્રશ્ન : શાંતિનું વેદન સહજપણે ચાલુ રહે છે.

● ઉત્તર : સહજપણે ચાલું જ રહે છે. આત્માનો આનંદ અંશે રહે છે. નિર્વિકલ્પનું આનંદ ઈ જુદી વસ્તુ છે. પણ વર્તમાન ધારામાં શાંતિનું વેદન એને વર્તે. ૮૫.

* પ્રશ્ન : માતાજી એ બેમાં શું ફરક પડે છે? નિર્વિકલ્પ વખતે જે આહ્લાદ વેદાય અને સવિકલ્પતામાં એમાં જે પરિણતિનું શાંતિનું વેદન થાય છે. ઈ બેમાં આંતરો શું છે?

● ઉત્તર : ઈ વિકલ્પ છૂટીને આનંદ આવે છે. ઈ આનંદ જુદો છે. વિકલ્પ તરફનો ઉપયોગ છૂટી ગયો ને એકલો આત્મા રહી ગયો. ઉપયોગ આત્મામાં જામી ગયો ને ઈ જે આનંદ આવે છે. વિકલ્પ છૂટીને જે આનંદ આવે છે એ જે આત્મા ઉપર દૃષ્ટિ તો હતી. જ્ઞાયકની પરિણતિ પણ એમાં જે લીન થઈ ગયો ઈ લીન થઈને જે આનંદ આવે છે, ઈ જુદો છે. એ ભેદજ્ઞાનની ધારા વર્તે સવિકલ્પ દશામાં ઈ આનંદ નથી હોતો. એને શાંતિ હોય છે. ૮૬.

✽ પ્રશ્ન : ઓલો અલગ જાતનો છે?

● ઉત્તર : એ આનંદ જુદી જાતનો છે. વચ્ચે જે એ શાંતિનું વેદન રહે છે સવિકલ્પતામાં ઈ શાંતિનું વેદન જે છે ઈ શાંતિનું વેદન ઈ એકત્વબુદ્ધિનું હોતું નથી. ઈ જે ભ્રાંતિની દશામાં એ શાંતિનું વેદન નથી હોતું, જેને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનની ધારામાં જે શાંતિનું વેદન છે એવું વેદન ઈ વેદન એને એકત્વબુદ્ધિની ભ્રાંતિમાં નથી. એ વેદન જુદું. પણ એનાથી જે નિર્વિકલ્પ દશાનો જે આહ્લાદ છે. ઈ આહ્લાદ જુદો છે પાછો. વિકલ્પ છૂટીને જે આવે છે. આકુળતા એને અસ્થિરતા જે હતી. અસ્થિરતાપણે એને ગૌણ થઈ ગઈ. અબુદ્ધિપૂર્વક થઈ ગઈ એટલે અસ્થિરતા પણ નથી. એકલો ઉપયોગ જામી ગયો હતો તે એકાકાર આત્મામાં થઈ ગયો. એટલે એ આનંદ જુદો છે અને સવિકલ્પતામાં અંશે અસ્થિરતા છે. એટલે એને અંશે શાંતિનું જે વેદન જેટલી દશા ભેદજ્ઞાનની ધારાની જે ચાલુ છે ઈ શાંતિનું વેદન છે એને. ૮૭.

✽ પ્રશ્ન : જાત એક જ કે જુદી જાત? ઈ જાત તો આમ એક જ?

● ઉત્તર : જાત એટલે ઈ શાંતિ. શાંતિ જુદી. શાંતિ અને આનંદ એ બે જુદી વસ્તુ છે. છે બધી પર્યાયો, શાંતિ આનંદની પર્યાયો છે. પણ એ આનંદ જુદો છે ને આ શાંતિ જુદી છે. ૮૮.

✽ પ્રશ્ન : ઈ જ વખતે એ જુદી જાતની છે.

● ઉત્તર : ઈ જાત. જાત જુદી છે. ઓલી સવિકલ્પતામાં શાંતિ છે, એના કરતાં નિર્વિકલ્પ દશાનો આનંદ એ જુદી વસ્તુ છે. જુદુ છે. એક નથી. આ થોડું છે અને ઈ ઝાઝું થઈ ગયું એમ પણ નથી. એ જાત જુદો છે. અનુપમથી જેને ઊપમા નથી લાગુ પડતી. ઈ જુદુ છે. એકલા આત્માના આશ્રયમાંથી જે લીનતા આવે છે એ જુદી હોય છે અંદર જે લીન થઈને આવે છે ઈ સિદ્ધદશાને મળતો આનંદ કે ઈ જુદો છે. સવિકલ્પતામાં ને ઈ જાત બે જુદી છે. બધી એક ચારિત્રદશા

(સુખદશા)ની પર્યાય કહેવાય પણ જાત જુદી છે. એ સિદ્ધદશાનો નમૂનો કહેવાય છે, ઈ સવિકલ્પતામાં ઈ નથી. એને અતીન્દ્રિય, ઈ નથી શાંતિનું વેદન છે. જ્ઞાયકનું વેદન છે. ૮૯.

✻ પ્રશ્ન : બહાર તો આત્મામાં અંતઃર્મુહૂર્ત જો થયો હોય તો સીધો કેવળજ્ઞાન ને એવું પામે તો તો ઉગ્ર થઈ જાય, એની જાત જ જુદી.

● ઉત્તર : એ આનંદની જાત જુદી ને એમાં વધારે ઠર્યો જો વધારે અંતર્મુહૂર્તથી વધારે રહે. અંતર્મુહૂર્તનો જ ઉપયોગ છે. એમાં લીનતા વધીને ચારિત્ર તરફ જો શ્રેણી જાય તો કેવળજ્ઞાન થાય. ચારિત્રદશા નથી હજી. જે મુનિઓની દશા હોય એવી દશા અંતઃર્મુહૂર્તમાં. શિવભૂતિ મુનિને અંતર્મુહૂર્તમાં એ દશા આવી ગઈ તો કેવળજ્ઞાન થઈ ગયું અંતરમાં ને અંતરમાં જો ચારિત્રની દશા આવી ગઈ તો અંતરમાં પણ એને મુનિદશા જ હોય તો કેવળજ્ઞાન થાય. ૯૦.

● બહેનશ્રી : સંવેદન પ્રત્યક્ષ છે. જ્ઞાનને પરોક્ષ કહેવાય છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે ને મતિ-શ્રુત પરોક્ષ છે. પણ પોતે કાંઈ પરોક્ષ એટલે કંઈ પરથી જણાય એવું થોડું છે? પોતે પોતાના વેદનથી જણાય એવો છે. સંવેદન પ્રત્યક્ષ છે. પોતાની અનુભૂતિ પ્રત્યક્ષ છે. ન થઈ શકે એવું નથી. શાસ્ત્રમાંય આવે છે. સમયસારમાંય આવે છે. ચોથે ગુણસ્થાને સ્વાનુભૂતિ થાય છે. એ કાંઈ કેવળજ્ઞાનની વાત નથી. એમાં સ્વાનુભૂતિની વાત છે. ચોથા ગુણસ્થાનની વાત. ૯૧.

બોલો ભગવતી માતનો જય.